GJNV010006632026

Presented on : 06-03-2026
Registered on : 06-03-2026
Decided on : 09-03-2026
Duration : Y - M - D
00-00-03

**IN THE COURT OF**
**PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE**
**AT ,NAVSARI**
**(Presided Over by P.J.TAMAKUWALA)**

**CRMA S/268/2026**

**Exhibit No.5**

Applicant :
DHARMESHBHAI MANOJBHAI HALPATI
RESI. : SUKHLAV, BESIDE BRAHMADEV TEMPLE,
TA. PARDI, DIST. VALSAD.

**VERSUS**

Opponent :
The State of Gujarat

---

Advocate appearing for Applicants : Mr. M.A.BHAVSAR
PP appearing for Opponent : Mr.T.C.SULE

---

**Sec. 482 of THE BHARATIYA NAGARIK SURAKSHA SANHITA, 2023**

**-: ચુકાદો :-**

**૧.** ચીખલી પોલીસ સ્ટેશન પાર્ટ–સી–ગુ.ર. નં.–૧૧૮૨૨૦૦૯૨૬૦૨૨૮/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના

કામે પોલીસ અરજદાર/આરોપીની ધરપકડ કરે તેવી દહેશત હોઈ, તેઓએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

૨. સામાવાળા તરફે વિદ્વાન પી.પી.શ્રી ટી.સી. સુળે નાઓએ હાજર થઈ આંક–૪ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા તપાસનાં કાગળો રજૂ કરેલ છે.

૩. અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.એ.ભાવસાર નાઓ ધ્વારા આગોતરા જામીન અરજીમાં જણાવેલ વિગતો મુજબની દલીલો કરવામાં આવેલ છે. તેમની મુખ્યત્વે દલીલ છે કે, ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો અરજદાર/આરોપીએ કરેલ નથી. અન્ય સહઆરોપીનાં નિવેદન આધારે તેમને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપીની સ્થળ પર હાજરી નથી કે તેમની પાસેથી કોઈ મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ નથી. આ ગુનાનાં કામે સ્થળ પરથી પકડાયેલ આરોપીએ આ નામ.અદાલત ધ્વારા જામીનમુકત કરવામાં આવેલ છે. તેઓ અરજીમાં જણાવેલ સરનામેનાં રહીશ છે, કયાંય નાસી–ભાગી જાય તેવા ઈસમ નથી, પ્રતિષ્ઠિત વ્યકિત છે, પરિવારનાં ભરણપોષણની જવાબદારી તેમનાં શિરે છે તેમજ કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તેઓ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે છે. આ તમામ હકીકતો અને જામીનના સંદર્ભમાં નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્થાપિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજૂર કરવા વિનંતી કરેલ છે.

૪. સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ટી.સી. સુળેનાએ તેમની દલીલોમાં જણાવેલ છે કે, સદર ગુનાનાં કામે હ્યુન્ડાઈ કાર નં. જીજે–૧૫–સીએ–૯૨૬૩ માંથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા વોડકાની બોટલો કુલ નંગ–૧૨૬૦, કિંમત રૂ.૨,૬૪,૦૦૦/– નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ, જે વાહનનાં ચાલક હાલનાં આરોપી હતા જેઓ સ્થળ પરથી નાસી ગયેલા અને તેમની સાથે કલીનર સીટ પર બેસેલ આરોપી પકડાઈ ગયેલા અને તપાસ દરમ્યાન હાલનાં અરજદાર/આરોપીનું નામ ખૂલવા પામેલ છે. ગુનાની તપાસ હાલ ચાલુ છે અને ગુનાની તળસ્પર્શી તપાસ માટે અરજદાર/આરોપીનાં કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર હોઈ અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

૫. સદર કામમાં અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી તથા તેની સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા, સામાવાળા તરફે રજૂ થયેલ ત.ક.અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસનાં કાગળો તેમજ બંને ક્ષની રજૂઆતો ધ્યાને લેતા,

(૧) સદર ગુનાનાં કામે હુન્ડાઈ કાર નં. જીજે–૧૫–સીએ–૯૨૬૩ માંથી વગર પાસ પરમીટે ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કી તથા વોડકાની બોટલો કુલ નંગ–૧૨૬૦, કિંમત રૂ.૨,૬૪,૦૦૦/– નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ, જે વાહનનાં ચાલક હાલનાં ચાલક સ્થળ પરથી નાસી ગયેલા અને તે નાસી જનાર ચાલક હાલનાં આરોપી હતા તેવું તપાસ દરમ્યાન ખૂલવા પામેલ છે. આમ, સદર ગુનાનાં

કામે જે વાહનમાંથી ગેરકાયદેસર રીતે પ્રોહીબીટેડ લીકર વહન થઈ રહેલ તે વાહનનાં ચાલક હાલનાં અરજદાર/આરોપી હોવાનો આરોપી સામે આરોપ છે.

(૨) આ કામે તમામ પ્રોહીબીટેડ મુદ્દામાલ કબ્જે થઈ જવા પામેલ છે.

(૩) સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપીની ફો.પ.(જામીન) અરજી નં.૨૦૪/૨૦૨૬ આ અદાલત ધ્વારા મંજૂર કરવામાં આવેલ છે.

(૪) અરજદાર/આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી.

૬. ઉપરોકત હકીકતો સાથે ગુનાનો પ્રકાર, સજાની જોગવાઈ, ગુનાની ગંભીરતા, અરજદાર/આરોપીની ગુનામાં ભૂમિકા તથા **નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા સિધ્ધરામ સત્લીંગપ્પા મ્હેત્રે –વિ.– સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૧૧ (૧) જી. એલ. એચ. પાના નં.૧૧** નાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **રમેશભાઈ બટુભાઈ ડાભી –વિ.– સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૧(૦) એ.આઈ.જે.ઈ.ટી. (એચ.સી.) ૨૨૫૦૭ નાં કેસમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં** હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયીક ડિસ્ક્રેશન વાપરવું યોગ્ય તેમજ ન્યાયોચિત જણાય છે અને તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

## –: <u>હુ ક મ</u> :–

**(૧)** અરજદાર/આરોપી : ધર્મેશભાઈ મનોજભાઈ હળપતિ, રહેવાસી : સુખલાવ, બ્રહમદેવ મંદિરની બાજુમાં, તા.પારડી, જિ.વલસાડ નાઓની ચીખલી પોલીસ સ્ટેશન પાર્ટ–સી–ગુ.ર.

નં.–૧૧૮૨૨૦૦૯૨૬૦૨૨૮/૨૦૨૬, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬(બી) મુજબના ગુનાના કામે કરેલ ફોજદારી પરચુરણ (આગોતરા) જામીન અરજી નં.૨૬૮/૨૦૨૬ આથી 'મંજૂર' કરવામાં આવે છે.

(૨) સદરહુ ગુનાનાં કામે અરજદાર/આરોપીને અટક કરવાનો પ્રસંગ બને તો તેવા પ્રસંગે અરજદાર/આરોપીએ રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નાં જામીન તથા તેટલી જ રકમના જાત–મૂચરકા સંબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી અરજદાર/આરોપીને નીચેની શરતોને આધિન આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :**

૧. અરજદાર/આરોપીએ તા.૧૨–૦૩–૨૦૨૬ નાં રોજ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સવારે ૧૧:૦૦થી ૧૪:૦૦ વચ્ચે હાજર થવું.

૨. અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદારને તપાસમાં સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે, તેમજ ગુનાની ટ્રાયલ દરમ્યાન પણ નિયમિત હાજર રહેવું.

૩. સદરહુ ગુના અંગે અરજદાર/આરોપી સામે ચાર્જશીટ ન થાય ત્યાં સુધી અરજદાર/આરોપીએ દર મહિનાની ૦૧ (પહેલી) તથા ૧૬ (સોળમી) તારીખે સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

૪. અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના સ્થાયી/ સ્થાનિક રહેઠાણનું સરનામું દર્શાવતો

કોઈપણ આધાર પુરાવો તપાસ કરનાર અમલદારશ્રી સમક્ષ રજૂ કરવો તથા અરજદાર/આરોપી કોર્ટની પૂર્વ પરવાનગી વિના રહેઠાણ બદલી શકશે નહિ.

૫. નામદાર કોર્ટની પૂર્વ પરવાનગી વિના અરજદાર/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહિ.

૬. અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો તે ત.ક.અમલદારશ્રી સમક્ષ રજૂ કરવો અને જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

૭. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ફોડવા કોશિષ કરવી નહિ કે પુરાવા સાથે ચેડાં કરવા નહિ.

૮. અરજદાર/આરોપીએ અન્ય કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાવું નહિ.

૯. ટ્રાયલ ચલાવતી કોર્ટ ઉપરોકત શરતોમાં ફેરફાર કરી શકશે.

(૩) આ હુકમની યાદી સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ હુકમ આજ તારીખ : ૦૯, માર્ચ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Sd/-**

નવસારી,

**(પ્રતિક જે. તમાકુવાલા)**
સેશન્સ જજ, નવસારી.
CODE No.GJ 00581

તારીખ : ૦૯–૦૩–૨૦૨૬.

A.G.KULKARNI, P.A.